Extra No. 118

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, APRIL 28, 2026 / VAISAKHA 8, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૮૩/૨૬ -કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાના તા.૦૯/૦૩/૨૦૨૬ ના પત્રથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર આણંદ જિલ્લાના બોરસદ ગામે સુર્યમંદિર પાસે આવેલ માઈનોર બ્રીજ અતિભારે વરસાદથી નુકશાન થવાને કારણે જુનુ સ્ટ્રકચર નું સંપુર્ણ ડેમોલીશન કરવાનું હોય, જેથી ઉકત માઈનોર બ્રીજ ઉપરથી પસાર થતો તમામ પ્રકારના વાહનોની અવારજવાર માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે અત્રેની જાહેરનામા ક્ર.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૫/૨૬, તા.૧૮/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ થી તા.૧૬/૦૪/૨૦૨૬ સુધી ઉકત રસ્તા ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાના તા.૦૯/૦૪/૨૦૨૬ ના પત્રથી ઉકત જાહેરનામાંની મુદત આગામી તા. ૧૭/૦૪/૨૦૨૬ થી તા. ૧૭/૦૫/૨૦૨૬ સુધી લંબાવવા રજુઆત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા. ૧૭/૦૪/૨૦૨૬ થી તા.૧૭/૦૫/૨૦૨૬ સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર આણંદ જિલ્લાના બોરસદ ગામે સુર્યમંદિર પાસે આવેલ માઈનોર બ્રીજ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરુ છું.

હયાત રૂટ-

બોરસદથી વાસદ તરફ નો રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (બોરસદ ગામે આવેલ સુર્યમંદીર નજીક જર્જરીત માઈનોર બ્રિજના સ્થળ ઉપર)

સુચિત વૈકલ્પિક રૂટ:-

બોરસદ આણંદ ચોકડી થી સિંગલાવ ચાર રસ્તા થી ડાબી બાજુ વળી ત્યાંથી ૧૦૦ ફુટ રોડ ઉપરથી છોટાલાલ પાર્ક ચાર થી રાઠોડ ચોકડી ૧૦૦ફુટ રોડ થઈને રાઠોડ ચોકડી પસાર કરી ત્યાંથી આગળ આવતી પાણી ની ટાંકી ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી જતા બોરસદ વાસદ ચોકડી તથા ડાબી બાજુ વળતા બોરસદ વાસદ હાઈવે તરફ જઈ શકશે.

હયાત રૂટ:-

બોરસદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ ને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪(બોરસદ ગામે આવેલ સુર્યમંદીર નજીક જર્જરીત માઈનોર બ્રિજના સ્થળ ઉપર)

સુચિત વૈકલ્પિક રૂટ:-

બોરસદ વાસદ ચોકડી થી બોરસદ વાસદ તરફ ના રોડ ઉપર જતા આગળ પાણી ની ટાંકી થી ડાબી બાજુ વળતા ત્યાંથી બોરસદ રાઠોડ ચોકડી ૧૦૦ ફુટ રોડ ઉપર આગળ જતા છોટાલાલ પાર્ક ચાર રસ્તા થી આગળ જતા સિંગલાવ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ત્યાંથી વાસદ -ધર્મજ હાઈવે રોડ આવી શકે તથા ડાબી બાજુ વળી આગળ જતા બોરસદ સિંગલાવ ચાર રસ્તા થી જમણી બાજુ વળીને આગળ જતા બોરસદ આણંદ ચોકડી ચાર રસ્તા તરફ જઈ શકશે.

હયાત રૂટ-

રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ ઉપર બોરરાદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ તથા બોરસદ આણંદ ચોકડી થી બોરરાદ વારાદ ચોકડી તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પીક રૂટ ઉપર જઈ શકશે.

સુચિત વૈકલ્પિક રૂટ:-

(૧) બોરસદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ જતા ભારેવાહનો માટે બોરસદ વાસદ ચોકડી થી જમણી બાજુ બોરસદ વાસદ હાઈવે રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી બોરસદ વધવાલા ટી-પોઈન્ટ થી ડાબી બાજુ વળી વાસદ થી ધર્મજ તરફ જતા હાઈવે ઉપર આગળ ચાલી પામોલ બ્રીજ નીચે આવેલ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી બોરસદ આણંદ બ્રીજ ચાર રસ્તા થી જમણી બાજુ આણંદ તરફ જવાય તથા ત્યાંથી ડાબી બાજુ વળતા બોરસદ આણંદ ચોકડી તરફ જઈ શકશે.

(૨) બોરસદ આણંદ ચોકડી થી બોરસદ વાસદ ચોકડી તરફ જતા ભારે વાહનો માટે બોરસદ આણંદ ચોકડી થી આણંદ તરફ જતા આણંદ બ્રીજ ચાર રસ્તા થી જમણી બાજુ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી જતા ધર્મજ-વાસદ હાઈવે રોડ સાથે મળી આગળ ચાલી જતા દાવોલ બ્રીજ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી જમણી બાજુ વળી દાવોલ થી વધવાલા ટી-પોઈન્ટ સુધીના સર્વિસ રોડ નો ઉપયોગ કરી ત્યાંથી બોરસદ વાસદ ચોકડી તરફ જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૭ /૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમે-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૮૪/૨૦૨૬.- આગામી દિવસોમાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણી-૨૦૨૬ યોજાનાર હોય તેમજ તા.૧૯/૦૪/૨૦૨૬ ના રોજ પરશુરામ જયંતિનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૧૯/૦૪/૨૦૨૬ થી તા.૦૩/૦૫/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૧૭/૦૪/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય /જાહેરનામુ/૧૦૫૨/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૧૯/૦૪/૨૦૨૬ થી તા.૦૩/૦૫/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડા કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર: સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૧૭/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:31:12 IST